પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૧૮ | ૮ જુલાઈ, ૨૦૨૧, ગુરૂવાર; જ્યેષ્ઠ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦




# ટીમ મોદીમાં ૩૩ નવા ચહેરા : ૧૦ને બઢતી

**મોદીના બીજા કાર્યકાળમાં મંત્રીમંડળમાં ફેરફાર : મોદીના નવા મંત્રીમંડળમાં ૪૩ મંત્રીઓએ શપથ લીધા : ૧૦ મંત્રીઓને પ્રમોશન, ૧૫ મંત્રીને કેબિનેટનો દરજ્જો, ૨૮ રાજ્યકક્ષાના મંત્રી, ગુજરાતના પાંચ સાંસદ ટીમમાં : રૂપાલા-માંડવિયાને કેબિનેટ મંત્રી બનાવાયા : ૩૩ નવા ચહેરાઃ ૧૨ અનુ.જાતિ, ૮ આદિવાસી અને ૨૭ પછાત વર્ગના નેતાઓનો સમાવેશ : કેબિનેટ વિસ્તારણ પહેલાં જાવડેકર, રવિશંકર પ્રસાદ સહિત કુલ ૧૨ મંત્રીઓએ રાજીનામા આપ્યા**

નવી દિલ્હી, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે તેમની કેબિનેટનું વિસ્તરણ કર્યું હતું. આ મંત્રીમંડળના વિસ્તરણમાં કુલ ૪૩ મંત્રીએ હોદ્દા અને ગુપ્તતાના શપથ લીધા હતા. આ પહેલાં ૧૨ મંત્રીઓએ રાજીનામા આપ્યા હતા. સૌ પ્રથમ નારાયણ રાણેએ શપથ લીધા હતા. નારાયણ રાણે, સર્બાનંદ સોનેવાલ ઉપરાંત મધ્ય પ્રદેશના જ્યોતિરાદિત્ય સિંધિયા અને વિરેન્દ્ર કુમાર સહિત ૧૫ નેતાઓએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. આ ઉપરાંત અન્ય ૨૮ મંત્રીઓએ રાજ્ય કક્ષાના મંત્રી તરીકે શપથ ગ્રહણ કર્યા હતા. ગુજરાતના પુરુષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયાને પ્રમોશન મળતાં તેઓએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા જ્યારે રાજ્યના અન્ય ત્રણ સાંસદો પણ સામેલ છે. આજે ૧૫ લોકોએ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા છે. જેમાંથી અનુરાગ ઠાકુર, પુરૂષોત્તમ રૂપાલા, કિરણ રિજિજૂ અને મનસુખ માંડવિયાને કેબિનેટ મંત્રી તરીકે પ્રમોશન મળ્યું છે. આ સિવાય જ્યોતિરાદિત્ય સિંધિયા, પશુપતિ પારસ, નારાયણ રાણે અને સર્વાનંદ સોનોવાલને પણ કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે શોભા કરંદલાજે, નૈનિતાલના સાંસદ અજય ભટ્ટ, બીએલ વર્મા, ભાનુ પ્રતાપ સિંહ વર્મા, દર્શના વિક્રમ જરદૌશ, મિનાક્ષી લેખી, અન્નપૂર્ણા દેવી, એ. નારાયણસ્વામી, કૌશલ કિશોર, અઅજય કુમાર, દેવુ સિંહ ચૌહાણ, ભગવંત ખુબાને રાજ્યકક્ષાના મંત્રી તરીકે શપથ લેવડાવ્યા હતા.

જી કિશન રેડ્ડી, અનુરાગ ઠાકુર, પંકજ ચૌધરી, અનુપ્રિયા સિંહ પટેલ, એસપી બઘેલ, રાજીવ ચંદ્રશેખરે કેન્દ્રીય મંત્રી તરીકે

● અનુસંધાન પાન-૭ પર

## કેન્દ્ર સરકારમાં ગુજરાતનો દબદબો વધ્યો

**મોદીના નવા મંત્રીમંડળમાં ગુજરાતના નવા ત્રણ ચહેરા ઉમેરાતા કુલ સાત મંત્રીઓ થયા : સુરતના સાંસદ દર્શના જરદૌશ, ખેડાના દેવુસિંહ ચૌહાણ અને સુરેન્દ્રનગરના સાંસદ ડો.મહેન્દ્ર મુંજપુરાને સ્થાન**

નવી દિલ્હી, તા. ૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મંત્રીમંડળમાં ગુજરાતમાંથી ત્રણ નવા મંત્રીઓને સામેલ કરવામાં આવ્યા છે. જ્યારે પહેલાથી મંત્રીમંડળમાં સામેલ બે મંત્રીઓને પ્રમોશન આપવામાં આવ્યા છે. ગુજરાતમાંથી મનસુખ માંડવિયા અને પરસોત્તમ રૂપાલા પહેલાથી કેન્દ્રમાં છે, જેમને હાલ પ્રમોશન આપવામાં આવ્યું છે. ત્યારે સુરતના સાંસદ દર્શના જરદૌશ મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અન્ય બે નેતાઓને પણ મંત્રીમંડળમાં સામેલ કરવામાં આવ્યા છે. ગુજરાતમાંથી હાલ કેન્દ્રિય કૃષિ રાજ્યમંત્રી તરીકેની જવાબદારી નીભાવી રહેલા પરષોત્તમ રૂપાલા અને મનસુખ માંડવિયાને પ્રમોશન આપવામાં આવ્યું છે. કેન્દ્રીય કેબિનેટમાં ગુજરાતથી પણ ત્રણ નવા ચેહરાનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગૃહ મંત્રી અમિત શાહ સાથે મનસુખ માંડવીયા અને પરષોત્તમ રૂપાલા પહેલેથી જ કેન્દ્રીય કેબિનેટમાં ગુજરાતનું નૈતૃત્વ કરી રહ્યા છે. ત્યારે વધુ ત્રણ ચહેરાને કેન્દ્રમાં સ્થાન મળ્યું છે. ૨૦૨૨ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં લઈ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

## મંત્રીમંડળમાંથી ૧૩ના રાજીનામા લેવાયા

**રવિશંકર પ્રસાદ, પ્રકાશ જાવડેકર, ડો. હર્ષવર્ધન, બાબુલ સુપ્રીયો, રમેશ નિશંક, સદાનંદ ગૌડા, દેબોશ્રી ચૌધરી અને સંતોષ ગંગવારે રાજીનામા સોંપ્યા**

નવી દિલ્હી, તા. ૭

મોદી કેબિનેટનું વિસ્તરણ થયું છે. આ વિસ્તરણ પહેલા અનેક દિગ્ગજ મંત્રીઓની છૂટ્ટી થઈ છે. રવિશંકર પ્રસાદ, પ્રકાશ જાવડેકર, ડો.હર્ષવર્ધન, બાબુલ સુપ્રીયો, રમેશ પોખરિયાલ નિશંક, સદાનંદ ગૌડા, દેબોશ્રી ચૌધરી, સંતોષ ગંગવાર, સંજય ધોત્રે, રતનલાલ કટારિયા અને પ્રતાપ સારંગીએ રાજીનામા સોંપ્યા છે. કેબિનેટ વિસ્તરણ અગાઉ સૌથી પહેલા થાવરચંદ ગેહલોતને મંત્રીમંડળમાંથી હટાવીને કર્ણાટકના રાજ્યપાલ બનાવી દેવાયા. તેઓ સામાજિક ન્યાય અને અધિકારિતાના મંત્રી હતા. આ ઉપારંત ગેહલોત પાસે રાજ્યસભામાં નેતા સદન અને ભાજપ પાર્લિયામેન્ટરી બોર્ડના સભ્યનું પણ મહત્વનું પદ હતું.

કેન્દ્રીય સ્વાસ્થ્યમંત્રી ડો.હર્ષવર્ધને રાજીનામું આપી દીધુ છે. કોરોનાની બીજી લહેર બાદ જે પ્રકારે મોદી સરકાર સવાલોના ઘેરામાં આવી તેના કારણે ડો.હર્ષવર્ધન પર ગાજ પડી હોઈ શકે છે. હર્ષવર્ધન પાસે વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય પણ હતું. એટલે કે હર્ષવર્ધનના રાજીનામાથી બે ભારે ભરખમ મંત્રાલય ખાલી થયા છે.

## કોરોનાની ત્રીજી લહેર ૯૮ દિવસ રહેવાનું નિષ્ણાતોનું અનુમાન

**આ વાયરસ નેચરલ નથી, તે બાયોએન્જિનિયર વાયરસ છે જેના કારણે તેનું પૂર્વાનુમાન પણ સાચી રીતે થઈ રહ્યું છે : બીજી લહેર ૧૧૦ દિવસની હતી**

નવી દિલ્હી, તા. ૭

કોરોના વાયરસની બીજી લહેરે ભારતીયોને હચમચાવી દીધા હતા, હવે ત્રીજી લહેર આવવાની સંભાવના અંગે નવા-નવા ખુલાસા થઈ રહ્યા છે. યુકેમાં ત્રીજી લહેરની શરુઆત થઈ ગઈ છે. ડેલ્ટા અને ડેલ્ટા પ્લસ વેરિયન્ટનું સંક્રમણ જોવા મળી રહ્યું છે. ભારતમાં કોરોનાની બીજી લહેરમાં ડેલ્ટા વેરિયન્ટના સૌથી વધુ સંક્રમણનું કારણ બન્યા હતા. જેના કારણે ભારતમાં ત્રીજી લહેરની સંભાવનાનો ખતરો બનેલો છે. એક્સપર્ટનું માનવું છેકે બીજી લહેર ૧૧૦ દિવસની હતી અને હવે ત્રીજી લહેર ૯૮ દિવસની હશે. અત્યાર સુધીનું પૂર્વાનુંમાન દર્શાવે છે કે યુકેમાં તેની શરુઆત થઈ ગઈ છે અને ભારતમાં તે ઓગસ્ટના પહેલા અઠવાડિયા પછી આવી શકે છે.

કોવિડ એક્સપર્ટ ડૉ. અંશુમાન કુમાર કહે છે કે કોવિડની બીજી લહેર ૧૧૦ દિવસની હતી. મહારાષ્ટ્રમાં તેની અસર ઓછી થતી ગઈ અને દિલ્હી, યુપી, બિહાર, બંગાળમાં તેનો ગ્રાફ ઊંચો જતો ગયો. આ વાયરસ નેચરલ નથી, તે બાયોએન્જિનિયર વાયરસ છે. જેના કારણે તેનું પૂર્વાનુમાન પણ સાચી રીતે થઈ રહ્યું છે.

ડૉક્ટર કુમારે જણાવ્યું કે, યુકેમાં ત્રીજી લહેરની શરુઆતને ૧૭-૧૮ દિવસની થઈ ગયા છે. ત્યાંના દોઢ-પોણા બે મહિના પછી ભારતમાં નવી લહેર આવશે. જે ૯૮ દિવસની હશે. જે ઓગસ્ટના પહેલા અઠવાડિયાના આસપાસ આવી શકે છે. તેમણે કહ્યું કે સૌથી મોટી ચિંતાની વાત એ છે કે નવા વેરિયન્ટ ડેલ્ટા અને ડેલ્ટા પ્લસ ફેલાયા છે.

થર્ડ વેવને લઈને એમ્સના કોવિડ એક્સપર્ટ ડૉ. નીરજ નિશ્ચલે કહ્યું કે વેવ બે બાબતો પર નિર્ભર કરે છે. એક વાયરસનું બિહેવિયર, જે આપણા હાથમાં છે. બીજુ માણસનું બિહેવિયર, જે પણ આપણા હાથમાં છે. જે રીતે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશમાં પ્રવાસીઓની ભીડ દેખાઈ છે, તે વધુ ચિંતાનો વિષય છે. જેનાથી સ્પષ્ટ થઈ રહ્યું છે કે માણસનું બિહેવિય વાયરસને ફેલાવા, મ્યુટેડ કરવામાં અને નવા વેરિયન્ટને જીવિત રાખવામાં મદદરુપ થાય છે. જો આવી સ્થિતિ રહી તો થર્ડ વેવ આવશે અને પહેલાથી વધારે ખતરનાક બની જશે.

## દિગ્ગજ અભિનેતા દિલીપ કુમારનું નિધન

**મુંબઇની હિંદુજા હોસ્પિટલમાં સવારે ૭.૩૦ કલાકે અંતિમ શ્વાસ લીધા, હિન્દી સિનેમા જગતના એક યુગનો અંતઃ ૧૯૪૪માં ફિલ્મ જ્વાલાથી બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતુ, દિલીપ કુમારે ઠુકરાવી હતી ૭ ઓસ્કર એવોર્ડ જીતનારી હોલિવૂડ ફિલ્મ : દિલીપ કુમારને પદ્મ વિભૂષણ, દાદા સાહેબ ફાળકે, પદ્મભૂષણ એવોર્ડથી સન્માનિત કરાયા હતા**

મુંબઈ, તા.૭

બોલિવુડના સૌથી પ્રખ્યાત અને લોકપ્રિય અભિનેતા દિલીપ કુમારનું ૯૮ વર્ષની વયે નિધન થયું છે. મુંબઈની હિંદુજા હોસ્પિટલમાં દિલીપ કુમારે અંતિમ શ્વાસ લીધા. જણાવી દઈએ કે, છેલ્લા આઠ દિવસથી તેઓ હોસ્પિટલમાં દાખલ હતા. દિલીપ કુમારને શ્વાસ લેવામાં તકલીફ થતાં તેમને ૩૦ જૂને હિંદુજા હોસ્પિટલના ICUમાં દાખલ કરાયા હતા.

દિલીપ કુમારના ટ્વિટર હેન્ડલ પરથી તેમના પારિવારિક

● અનુસંધાન પાન-૭ પર

### લોકપ્રિય અભિનેતાને નેતાઓની અંજલી

પીએમ મોદીએ લખ્યુ છે કે, "દિલીપ કુમારજીને સિનેમાની દુનિયાના મહાન વ્યક્તિ તરીકે યાદ કરવામાં આવશે. તેમને અનોખી પ્રતિભાના આશીર્વાદ મળ્યા હતા, આ જ કારણે અનેક પેઢીઓના લોકો તેમનો ચાહતા હતા. તેમનું જવું એ આપણી સાંસ્કૃતિક દુનિયા માટે મોટી ખોટ છે. તેમના પરિવાર, મિત્રો અને અસંખ્ય પ્રશંસકો પ્રત્યે મારી સંવેદના."

દિલીપ સાહેબના નિધન પર રક્ષા મંત્રી રાજનાથસિંહે ટ્વીટ કર્યુ કે, "દિલીપ કુમારજી એક ઉત્કૃષ્ટ અભિનેતા હતા, જેમને ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં તેમના અનુકરણીય યોગદાન માટે તમામે ખૂબ વખાણ્યા છે. ગંગા-જમના જેવી ફિલ્મોમાં તેમના અભિનયને લાખો સિનેપ્રેમીઓને પ્રભાવિત કર્યા છે. તેમના નિધનથી મને ઊંડો આઘાત લાગ્યો છે."

કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યુ કે, "દિલીપ કુમારજીના પરિવાર, મિત્રો અને પ્રશંસકો પ્રત્યે મારી હાર્દિક સંવેદના. ભારતીય સિનેમામાં તેમના અસાધારણ યોગદાનને આગામી પેઢીઓ માટે યાદ કરવામાં આવશે."

## દેશમાં કોવિડ રિકવરી રેટ સુધરીને ૯૭.૧૮% થયો

**દેશમાં હાલમાં ૪,૫૯,૯૨૦ એક્ટિવ કેસ : કોરોના વાયરસના કેસ ફરીવાર વધ્યા, ૨૪ કલાકમાં ૪૩,૭૩૩ કેસ નોંધાયા, ૯૩૦ દર્દીઓએ જીવ ગુમાવ્યો**

નવી દિલ્હી, તા.૭

ભારતમાં કોરોના સંક્રમણનો કહેર ભલે ઓછો થયો હોય પરંતુ સંક્રમિત થનારા દર્દીઓની સંખ્યામાં ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોમવારના ૨૪ કલાકમાં કોરોના કેસોની સંખ્યા ૪૩હજારથી વધુ નોંધાઈ છે. આ ઉપરાંત જીવ ગુમાવનાર દર્દીઓની સંખ્યા પણ એક દિવસમાં ૯૦૦થી વધારે નોંધાઈ છે. બીજી તરફ, રાહતની બાબત એ છે કે દેશમાં કોરોનાના એક્ટિવ કેસ ઘટીને હવે ૪,૫૯,૯૨૦ થઈ ગયા છે. આ ઉપરાંત કોવિડ રિકવરી રેટમાં પણ સુધારો થતા તે ૯૭.૧૮ ટકા થઈ ગયો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૩,૭૩૩ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૯૩૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૦૬,૬૩,૬૬૫ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૩૬,૧૩,૨૩,૫૪૮ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે બુધવારે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૩,૭૩૩ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે.

આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૯૩૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૦૬,૬૩,૬૬૫ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૩૬,૧૩,૨૩,૫૪૮ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, કોવિડ-૧૯ મહામારી સામે લડીને ૨ કરોડ ૯૭ લાખ ૯૯ હજાર ૫૩૪ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં ૪૭,૨૪૦ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલમાં ૪,૫૯,૯૨૦ એક્ટિવ કેસ છે.

## પૂર્વ કેન્દ્રીય મંત્રીની પત્નીની ઘરમાં ઘૂસીને હત્યા કરાઈ

**એક સંદિગ્ધ ઝડપાયો, બેની તલાશ : કિટ્ટી કુમારમંગલમ દિલ્હીના વસંત વિહારમાં રહેતાં હતાં**

નવી દિલ્હી, તા.૭

દેશની રાજધાનીમાં અપરાધની વધુ એક ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી દિવંગત પી.આર. કુમારમંગલમની પત્ની કિટ્ટી કુમારમંગલમની તેમના જ ઘરમાં ઘૂસીને હત્યા કરી દેવામાં આવી છે. દક્ષિણ-પશ્ચિમ દિલ્હીના ડીસીપીએ જણાવ્યું કે, હત્યાની આ ઘટનાને ગત રાત્રે અંજામ આપવામાં આવ્યો છે. કિટ્ટી કુમારમંગલમ દિલ્હીના વસંત વિહાર વિસ્તારમાં રહેતાં હતાં.

ડીસીપીએ જણાવ્યું કે આ હત્યાકાંડમાં એક સંદિગ્ધને ઝડપી પાડવામાં આવ્યો છે, જ્યારે અન્ય બેની તલાશ ચાલુ છે. હાલ હત્યાના કારણ વિશે જાણી નથી શકાયું.

કિટ્ટી કુમારમંગલમના ઘરમાં કામ કરનારી હાઉસ હેલ્પે જણાવ્યું કે, ઘટના વાળી રાત્રે લગભગ ૮:૩૦ વાગ્યે લોન્ડ્રીવાળો ઘરમાં આવ્યો હતો. ત્યારબાદ બીજા બે લોકો આવ્યા હતા. હાઉસ હેલ્પે જણાવ્યું કે બાદમાં આવનારા બંને લોકોએ તેના હાથ-પગ બાંધી દીધા અને કિટ્ટી કુમારમંગલમની હત્યા કરી દીધી. પોલીસે લોન્ડ્રીવાળાની ધરપકડ કરી લીધી છે.

મૂળે, ઘટના સમયે કિટ્ટી કુમારમંગલમ હાઉસ હેલ્પ સાથે ઘરે એકલાં હતા. તેઓ સુપ્રીમ કોર્ટમાં વકીલ રહી ચૂક્યા છે. કિટ્ટી કુમારમંગલમનો દીકરો કૉંગ્રેસના નેતા છે અને ઘટનાની જાણકારી મળ્યા બાદ તેઓ બેંગલુરુથી દિલ્હી માટે રવાના થઈ ગયા હતા.

## હંદવાડામાં હિજબુલના ટોપ કમાન્ડરનો ખાતમો કરાયો

**મેહરાઝુદ્દીન ઉર્ફે ઉબૈદ હિજબુલનો સૌથી જૂનો ટોપ કમાન્ડર હતો**

શ્રીનગર, તા.૭

જમ્મુ અને કાશ્મીરના હંદવાડામાં આતંકીઓ અને સુરક્ષાદળો વચ્ચે એક્રાઉન્ટર શરૂ થઈ ગયુ છે. નોર્થ કાશ્મીરના પાજીપોરા વિસ્તારમાં આ અથડામણ ચાલુ છે. પ્રાથમિક માહિતી મુજબ એન્કાઉન્ટરમાં એક આતંકી માર્યો ગયો છે. સુરક્ષાદળોને એક મોટી સફળતા મળી છે. કાશ્મીર ખીણમાં અનેક આતંકી ઘટનાઓમાં જેની સંડોવણી હોવાનું કહેવાતું હતું તે હિજબુલ આતંકી મેહરાઝુદ્દીન અથડામણમાં માર્યો ગયો છે. મેહરાઝુદ્દીન ઉર્ફે ઉબૈદ હિજબુલ મુજાહિદ્દીનનો સૌથી જૂનો અને ટોપ કમાન્ડર હતો. હંદવાડા પોલીસના જણાવ્યાં મુજબ એક્રાઉન્ટર પાઝીપોરા વિસ્તારમાં ચાલુ છે અને પોલીસ, સેના તથા સીઆરપીએફ તરફથી જોઈન્ટ ઓપરેશન ચલાવવામાં આવ્યું છે. વિસ્તારને ખાલી કરાવી લેવાયો છે જેથી કરીને નાગરિકોને કોઈ પણ પ્રકારનું નુકસાન ન પહોંચે. કાશ્મીરના આઈજી વિજયકુમારે જણાવ્યું કે મેહરાઝુદ્દીન ઘાટીમાં આતંક ફેલાવવાના ષડયંત્રમાં અનેક દિવસોથી લાગેલો હતો. તેનો ખાતમો સુરક્ષાદળો માટે મોટી સફળતા છે. તે હિજબુલનો ટોપ કમાન્ડર હતો અને અનેક વર્ષોથી સંગઠન સાથે જોડાયેલો હતો.